# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-01-2025** **Morning : 7.10 to 7.20**

**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1) **કેન્દ્રીય મંત્રી જે. પી. નડ્ડાએ જણાવ્યું કે, "સ્ટાર્ટ-અપ ઇન્ડિયા જેવી વિવિધ યોજનાઓથી સિપેટને નવી ઊર્જા મળી."**
2) **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિશ્વાસ વ્યક્ત કર્યો કે, વિકસિત ભારતમાં, ગુજરાત રાજ્યનો સૌથી મોટો ફાળો રહેશે.**
3) **પ્રથમ ખો-ખો મહિલા વિશ્વ કપમાં ભારતને ચેમ્પિયન બનાવવામાં રાજ્યનાં ખેલાડી ઓપિનાર ભિલારની મહત્વની ભૂમિકા**
4) **રાજ્યના ખેલાડી માનવરાજસિંહ ચુડાસમાએ નવી દિલ્હીમાં યોજાયેલી રાષ્ટ્રીય શૉટગન શૂટિંગ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો**
5) **રાજ્યમાં આગામી પાંચ દિવસ લઘુત્તમ તાપમાન ઘટવાની શક્યતા નહીંવત્.**

---------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CIPET IPT JP NADDA

કેન્દ્રીય મંત્રી જે. પી. નડ્ડાએ ગઈકાલે અમદાવાદમાં કેન્દ્રીય પેટ્રોકેમિકલ્સ એન્જિનિયરિંગ અને ટેક્નોલૉજી સંસ્થાન- સિપેટ ખાતે અંશશોધન પ્રયોગશાળાનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે શ્રી નડ્ડાએ સિપેટને ખેતી અને આરોગ્ય ક્ષેત્રમાં એડવાન્સ સંશોધન કરવાની સલાહ આપી હતી. તેમણે જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સ્ટાર્ટ-અપ ઇન્ડિયા, સ્ટૅન્ડ-અપ ઇન્ડિયા કે નવાચારને આગળ વધારવાની યોજનાથી સિપેટને નવી ઊર્જા મળી છે.

## (બાઈટઃ જે. પી. નડ્ડા, કેન્દ્રીય મંત્રી)

# CM PATAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિકસિત ભારતમાં ગુજરાત રાજ્યનો સૌથી મોટો ફાળો રહેશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે. પાટણના ચાણસ્મામાં શ્રી ગોગા મહારાજ મંદિર ખાતે ગઈકાલે યોજાયેલા રજત જયંતી ઉત્સવ અને મહારુદ્ર યજ્ઞની પૂર્ણાહૂતિ પ્રસંગે શ્રી પટેલે આ મુજબ જણાવ્યું. તેમણે કહ્યું, વારસાને સાચવીશું તો જ વિકાસ કામનો કહેવાય અને તે લાંબો ટકે છે.

## (બાઈટઃ ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

# KHO KHO WORLD CUP DANG

દિલ્હીમાં રમાયેલા પ્રથમ ખો ખો વિશ્વકપમાં ભારતીય મહિલા ટીમે નેપાળને 78-40નાં નોંધપાત્ર સ્કોર સાથે પરાજય આપ્યો હતો. ભારતીય ટીમના વિજયમાં મૂળ ડાંગનાં અને તાપીમાં DLSS તેમજ આર્ટ્સ એન્ડ કૉમર્સ મહાવિદ્યાલયમાં અભ્યાસ કરતાં ઓપિનાર ભીલારે મહત્વની ભૂમિકા ભજવી હતી.

**પ્રસ્તુત છે એક અહેવાલ**

**--Voice Cast**

ભારતના મહોલ્લે મહોલ્લે રમાતી 'ખો ખો' જેવી ગ્રામીણ રમતને 'માટી થી મેટ' સુધી પહોંચાડવાના અને દેશની માટીની મહેંકને પ્રસરાવવાના ખો ખો ફેડરેશન ઓફ ઇન્ડિયાના પ્રયાસને ગઈ કાલે અભૂતપુર્વ સફળતા મળી. પ્રથમ જ વિશ્વકપમાં ભારતની મહિલા અને પુરુષ બંને ટીમોએ નેપાળને પરાજ્ય આપ્યો.

મહિલા ટીમમાં સામેલ ડાંગની દીકરી ઓપીનાર ભિલારે, ડાંગ અને ગુજરાતનું નામ દેશ અને દુનિયામા રોશન કર્યું છે. બિલિઆંબા ગામની આ ખેલાડીએ લીગ રાઉન્ડની સાઉથ કોરિયા, ઈરાન, અને મલેશિયા સામેની મેચમાં તથા સાઉથ કોરિયા સામેની સેમી ફાઇનલ અને નેપાળ સામેની ફાઇનલ મેચમાં નવ નંબરની જર્સી સાથે ઓલ રાઉન્ડર ખેલાડી તરીકે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી, ટીમની જીતમા પોતાનું યોગદાન નોંધાવ્યું છે.

ગુજરાત ખો ખો ટીમની કેપ્ટન એવી ઓપીનાર ભિલારે, બેસ્ટ ડિફેન્ડર અને બેસ્ટ એટેકર તરીકે ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો.

ડાંગથી મુનીરા શેખનાં અહેવાલ સાથે અનિલ પટેલ...

આકાશવાણી સમાચાર અમદાવાદ

# NATIONAL BOTANY FEST -NARMDA

નર્મદા જિલ્લાના એકતાનગર ખાતે રાષ્ટ્રીય વનસ્પતિ ઉત્સવનો પ્રારંભ થયો છે. 23 જાન્યુઆરી સુધી ચાલનારા આ ઉત્સવમાં વિવિધ રાજયોની 31 ટુકડીઓના 200થી વધુ વનસ્પતિશાસ્ત્રના વિદ્યાર્થીઓ સમૃદ્ધ જૈવ વિવિધતાનો ગહન અભ્યાસ કરશે.

આ પ્રસંગે સંબોધન કરતા બોટનિકલ સર્વે ઓફ ઇન્ડીયાના નિયામક એ. એ. માઓએ જણાવ્યું કે, વિવિધ રાજ્યમાંથી આવેલા વિદ્યાર્થીઓ વનસ્પતિશાસ્ત્ર

વિષયમાં સંશોધન કરશે. એકતાનગર ખાતે વેલી ઓફ ફ્લાવર સોસાયટી, સ્ટેચ્યુ ઓફ યુનિટી અને એમ.એસ.યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે પ્રથમ વખત આ ઉત્સવનું આયોજન કરાયું છે.

# SHOTGUN GOLD MEDAL

રાજ્યના ખેલાડી માનવરાજસિંહ ચુડાસમાએ ગઈકાલે નવી દિલ્હીમાં યોજાયેલી 67મી રાષ્ટ્રીય શૉટગન શૂટિંગ ચેમ્પિયનશીપ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે. આ ખેલાડીએ રાજ્ય માટે પ્રથમ અને સતત ચોથો રાષ્ટ્રીય ચંદ્રક મેળવ્યો છે. આ સાથે જ રાષ્ટ્રીય ટીમમાં પ્રવેશ મેળવવા માટેની ટ્રાયલ્સ માટે પણ તેમની પસંદગી કરવામાં આવી છે.

# CR PATIL TENNIS SURAT

સુરતમાં ગઈકાલે 86મી સિનિયર નેશનલ અને ઇન્ટર સ્ટૅટ ટેબલ ટૅનિસ ચેમ્પિયનશીપનો પ્રારંભ થયો છે. આ પ્રસંગે ઉપસ્થિત કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટિલે ટેબલ ટૅનિસ ખેલાડી હરમીત દેસાઈના વખાણ કર્યા. તેમણે કહ્યું કે, જેના મનમાં કંઈક કરી બતાવવાની ભાવના હોય તે જ વ્યક્તિ મેદાનમાં ઉતરે છે.

**(બાઈટઃ સી. આર. પાટિલ, કેન્દ્રીય જળશક્તિ મંત્રી)**

# ARVALLI KARATE COMPETITION

અરવલ્લીમાં ખેલ મહાકુંભ અંતર્ગત મોડાસા ખાતે કરાટે સ્પર્ધા યોજાઈ હતી. આ પ્રસંગે નાયબ કલેક્ટરે વર્ષ 2036માં યોજાનારી ઓલિમ્પિકમાં જિલ્લાના ખેલાડીઓ પણ ભાગ લે તેવી આશા વ્યક્ત કરી હતી.

આ અંગે રમતગમત અધિકારી પ્રકાશ કલાસવાએ માહિતી.

(બાઈટ - પ્રકાશ કલાસવા, રમત-ગમત અધિકારી)

# PARIKSHA PE CHARCHA

**પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમના પૂર્વે આયોજિત સમુહ ચર્ચા સત્ર માટે અમદાવાદ, સુરત અને ખેડામાંથી ત્રણ વિદ્યાર્થીની પસંદગી કરવામાં આવી હતી, જેમાં ખેડાના ભૂમેલ ગામના ધોરણ નવના વિદ્યાર્થી શ્રેયાંશ વર્માની પસંદગી થતા તેમણે દિલ્હી ખાતે આ સત્રમાં ભાગ લીધો.**

**આ અંગે વિદ્યાર્થીએ પ્રતિભાવ આપ્યો…**

**(બાઈટ – વિદ્યાર્થી)**

# IMD WEATHER

**રાજ્યભરમાં આગામી પાંચ દિવસ લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય તેમ હવામાન વિભાગે જણાવ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, રાજ્યમાં ગત 24 કલાકમાં સૌથી ઓછું 11 ડિગ્રી સેલ્સિયસ તાપમાન કચ્છના નલિયામાં નોંધાયું છે.**

**જ્યારે ભુજ અને પોરબંદરમાં 13 ડિગ્રી, કંડલા હવાઈમથકમાં 14 તેમજ કંડલા બંદર, અમરેલી, રાજકોટ અને દીવમાં 15 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન**

નોંધાયું હતું. જ્યારે અમદાવાદમાં ગઈકાલે 18 ડિગ્રી અને સૌથી વધુ 19 ડિગ્રી સેલ્સિયસ તાપમાન ઓખા, વેરાવળ, વડોદરા અને સુરત શહેરમાં નોંધાયું હતું.

## BHAVNAGAR NIMUBEN BAMBHANIYA

કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયાની અધ્યક્ષતામાં ભાવનગરની સમરસ ગર્લ્સ હૉસ્ટેલ ખાતે ગઈકાલે માર્ગ સલામતી કાર્યક્રમ યોજાઈ ગયો. દરમિયાન શ્રીમતી બાંભણિયાએ માર્ગ સલામતી અંગે ધ્યાનમાં રાખવાની બાબતો અંગે માહિતી આપી હતી.

## ADIVASI YUVA VINIMAY -AMDAVAD

અમદાવાદના નિકોલ ખાતે 16મો આદિવાસી યુવા વિનિમય કાર્યક્રમ યોજાઇ ગયો. આ કાર્યક્રમમાં ઓડિશા, ઝારખંડ અને છત્તીસગઢથી આવેલા ૨૦૦ આદિવાસી યુવક-યુવતીઓ અને ૨૦ નિષ્ણાંતો માટે વિવિધ શૈક્ષણિક સત્રો યોજાયા. આ કાર્યક્રમનું આયોજન ગૃહ મંત્રાલય અને યુવા બાબતો અને ખેલ મંત્રાલયના સંયુક્ત ઉપક્રમે નહેરુ યુવા કેન્દ્ર અમદાવાદ દ્વારા કરાયું હતું.